# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 13/09/2026 EVENING: 7.50 TO 8.00**

**DAY: SUNDAY NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

****************************************************

1) 18 મું બ્રિક્સ શિખર સંમેલન આજે નવી દિલ્હીમાં પૂર્ણ થયું.

2) સંમેલનના અંતિમ દિવસે પ્રધાનમંત્રીએ કહ્યું કે બ્રિક્સ એ માત્ર દેશોનું જૂથ નથી પરંતુ ઉકેલોનું એક ઇકોસિસ્ટમ છે.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બ્રિક્સ સમિટ દરમિયાન અલગ – અલગ વૈશ્વિક નેતાઓ સાથે અસંખ્ય દ્વિપક્ષીય બેઠકો કરી.

4) ગૃહમંત્રી અમિત શાહે જાહેરાત કરી કે BJPના કાર્યકરો, NDA સાથી પક્ષો 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી દેશભરમાં "સેવા સંકલ્પ અભિયાન" શરૂ કરશે.

5) ઇન્ડોનેશિયામાં જાવા સમુદ્રમાં 240 મુસાફરોને લઈ જતી ફેરી બોટ પલટી જતાં છ લોકોના મોત - 130 મુસાફરો અને ક્રૂ સભ્યો ગુમ.

6) હોકીમાં, ભારતની પુરુષ અને મહિલા ટીમોએ ચીનના મોકી ખાતે જુનિયર એશિયા કપ ટાઇટલ જીત્યા.

***********************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# BRICS SUMMIT CONCLUDES

18મું બ્રિક્સ શિખર સંમેલન આજે નવી દિલ્હીમાં પૂર્ણ થયું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે બ્રિક્સની વિવિધતા જ તેની ઓળખ રહેવી જોઈએ, સહયોગ એ તેની પ્રેરણા હોવો જોઈએ અને તેની પ્રગતિ માનવતાના કલ્યાણમાં યોગદાન આપનારી હોવી જોઈએ.

બે દિવસીય શિખર સંમેલનના અંતિમ દિવસે પોતાના સમાપન ભાષણમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે બ્રિક્સ એ માત્ર દેશોનું જૂથ નથી પરંતુ ઉકેલોનું એક ઇકોસિસ્ટમ છે. તેમણે ઉમેર્યું કે છેલ્લા બે દિવસની ચર્ચાઓએ આ વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.

## (BYTE: PM---CONCLUDING-REMARKS---BRICS)

*("हम आशा करते हैं इस समिट से उसमें अडैप्ट किया गया न्यू दिल्ली डिक्लेरेशन हमारे शेयरड विजन और फ्यूचर कोऑपरेशन को स्पष्ट दिशा देगा। हमें सभी आउटकम्स को समयबध एक्शन और लास्ट माइल इंपैक्ट से जोड़ना होगा। हमारे फ्रेमवर्क फाइल से आगे बढ़कर रियल लाइफ में इंपैक्ट पैदा करें, इसके लिए हम सब मिलकर काम करेंगे।")*

શ્રી મોદીએ આશા વ્યક્ત કરી કે સંમેલનમાં અપનાવવામાં આવેલું નવી દિલ્હી જાહેરનામું સહિયારા વિઝન અને ભવિષ્યના સહયોગ માટે સ્પષ્ટ દિશા પ્રદાન કરશે. તેમણે તમામ પરિણામોને સમયબદ્ધ પગલાંમાં બદલવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

જેથી છેવાડાના વ્યક્તિ સુધી તેનો પ્રભાવ પહોંચી શકે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે બ્રિક્સ દેશો એ સુનિશ્ચિત કરવા સાથે મળીને કામ કરશે કે બ્રિક્સ માળખું માત્ર કાગળ પરની દસ્તાવેજીકરણ પ્રક્રિયાથી આગળ વધીને જમીની સ્તરે મૂર્ત અસરો ઊભી કરે.

બ્રિક્સ તેના ત્રીજા દાયકામાં પ્રવેશવા જઈ રહ્યું છે તેવો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ દાવો કર્યો કે વિશ્વ હવે આ જૂથ પાસેથી માત્ર વિચારો અને પ્રતિબદ્ધતાઓ જ નહીં પરંતુ નક્કર પરિણામોની અપેક્ષા રાખે છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે બ્રિક્સ સામૂહિક પ્રયાસો દ્વારા આ અપેક્ષાઓ પર ખરું ઉતરશે. પ્રધાનમંત્રીએ બ્રિક્સના આગામી અધ્યક્ષ તરીકે ચીનને પોતાની શુભકામનાઓ પણ પાઠવી.

આ અગાઉ, પોતાના પ્રારંભિક વક્તવ્યમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે બ્રિક્સ જૂથમાં સ્થિતિસ્થાપકતા વધારવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, કારણ કે મહામારી, આબોહવા આપત્તિઓ અને સપ્લાય-ચેઇનમાં અવરોધોએ દર્શાવ્યું છે કે આજના પરસ્પર જોડાયેલા વિશ્વમાં કોઈ પણ સંકટ માત્ર એક ક્ષેત્ર પૂરતું સીમિત રહેતું નથી.

શ્રી મોદીએ ચેતવણી આપી હતી કે ટેકનોલોજી અને મહત્વપૂર્ણ ખનિજોનું શસ્ત્રીકરણ પ્રગતિમાં અવરોધ બની શકે છે. તેમણે કહ્યું કે બ્રિક્સ દેશોએ ટેકનોલોજીને અપનાવવામાં સમાવેશીતાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

## (BYTE: PM-ON-START-UP)

*("इन्नोवेशन के अंतर्गत ब्रिक्स इंक्युबेटर नेटवर्क हमारे स्टार्टअप और इंक्युबेटर्स को आपस में जोड़ेगा। इन्नोवेटिव और स्केलेबल सॉल्यूशंस को बढ़ावा देने के लिए हमने ब्रिक्स स्टार्टअप इन्नोवेशन फंड का प्रस्ताव रखा है। ब्रिक्स नेटवर्क ऑन डिजिटल एग्रीकल्चर किसानों के लिए नई संभावनाएं तैयार करेगा। इसके माध्यम से एआई जियोस्पेशियल टेक्नोलॉजी और डिजिटल पब्लिक इन्फ्रास्ट्रक्चर को किसानों की वास्तविक आवश्यकताओं के साथ जोड़ा जाएगा।")*

શ્રી મોદીએ કહ્યું કે સ્માર્ટ ગ્રિડ અને એનર્જી સ્ટોરેજ માટે બ્રિક્સ ડિજિટલ સેન્ટર ઓફ એક્સેલન્સની પણ સ્થાપના કરવામાં આવી છે, જે સ્વચ્છ ઊર્જા પ્રણાલીઓને વધુ વિશ્વસનીય, કાર્યક્ષમ અને સુલભ બનાવવામાં મદદ કરશે.

## (BYTE: PM-GOBAL-SOUTH)

*("कि ब्रिक्स में ग्लोबल साउथ के देशों का विश्वास बढ़ा है, क्योंकि ब्रिक्स में उनकी आवाज सुनी जाती है, उनके अनुभव का सम्मान होता है और सॉल्यूशंस उनके लिए ही नहीं, उनके साथ मिलकर बनाए जाते हैं। ब्रिक्स की शक्ति हमारी डाइवर्सिटी और कोऑपरेशन में है। वी मे बी रूटेड इन डिफरेंट रियालिटीज़, बट टूगेदर बी राइज़ थ्रू कोऑपरेशन एंड ब्लॉसम्स फॉर ह्यूमैनिटी।")*

આ અગાઉ, પ્રધાનમંત્રી મોદીએ સંમેલનના બીજા અને અંતિમ દિવસે બ્રિક્સ ભાગીદાર દેશોના નેતાઓનું સ્વાગત કર્યું હતું. જેમાં મલેશિયાના પ્રધાનમંત્રી અન્વર

ઇબ્રાહિમ, વિયેતનામના પ્રધાનમંત્રી લે મિન્હ હંગ, સાઉદી અરેબિયાના વિદેશ પ્રધાન ફૈસલ બિન ફરહાન અને સંયુક્ત રાષ્ટ્રના મંત્રી અન્ટોનિયો ગુટેરેસનો સમાવેશ થાય છે.

ત્યારબાદ નેતાઓએ સમૂહ છબી માટે પોઝ આપ્યો હતો. દસ બ્રિક્સ ભાગીદાર દેશો બેલારુસ, બોલિવિયા, કઝાકિસ્તાન, ક્યુબા, મલેશિયા, નાઇજીરિયા, થાઇલેન્ડ, યુગાન્ડા, ઉઝબેકિસ્તાન અને વિયેતનામ છે.

# PM'S ENGAGEMENTS – BILATERAL MEETINGS

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના ભારત મંડપમમાં બ્રિક્સ સમિટ દરમિયાન અલગ – અલગ વૈશ્વિક નેતાઓ સાથે અસંખ્ય દ્વિપક્ષીય બેઠકો કરી. આ અંગે સાંભળીએ એક અહેવાલ**

## (VC: AJAY INDREKAR)

*("શ્રી મોદીએ કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ કાસિમ જોમાર્ત ટોકાયેવ સાથે દ્વિપક્ષીય બેઠકમાં પરસ્પર સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરી. બંને નેતાઓએ રાજકારણ, વેપાર, સંરક્ષણ અને સુરક્ષા, સંપર્ક, ઉર્જા, મહત્વપૂર્ણ ખનીજો, ઉભરતી ટેકનોલોજી, સર્જનાત્મક અર્થતંત્ર અને લોકો વચ્ચેના પરસ્પર સંબંધો સહિતના વિવિધ ક્ષેત્રોમાં સહયોગની સમીક્ષા કરી. પ્રધાનમંત્રીએ ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબદેલ ફતાહ અલ-સીસી સાથે પણ બેઠક કરી હતી. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાતો સાથેની મુલાકાતમાં શ્રી મોદીએ કહ્યું કે બંને દેશો વિવિધ ક્ષેત્રોમાં ભાગીદારી મજબૂત કરવાનું ચાલુ રાખશે. શ્રી મોદીએ ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ આર. માર્કોસ જુનિયર સાથે પણ વાતચીત કરી. બંને નેતાઓએ વિવિધ ક્ષેત્રોમાં પરસ્પર સહયોગની પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો. યુગાન્ડાના ઉપરાષ્ટ્રપતિ જેસિકા અલૂપોં સાથેની બેઠકમાં પ્રધાનમંત્રીએ દ્વિપક્ષીય સંબંધોની સમીક્ષા કરી, રોકાણ સરળ બનાવવા અને ખાનગી ક્ષેત્ર સાથે સહયોગ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ દક્ષિણ આફ્રિકા અને બુરુન્ડીના રાષ્ટ્રપતિઓ સાથે અને નાઈજીરિયાના ઉપરાષ્ટ્રપતિ સાથે પણ દ્વિપક્ષીય બેઠકો કરી. છેલ્લા ત્રણ દિવસમાં બ્રિક્સ શિખર સંમેલનની સાથે-સાથે પ્રધાનમંત્રીએ રાષ્ટ્રાધ્યક્ષો અને સરકારના વડાઓ સાથે 15 દ્વિપક્ષીય બેઠકો કરી છે. અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.")*

# SITHARAMAN-JAMSHID KUCHKARO

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ દરમિયાન ઉઝબેકિસ્તાનના નાયબ પ્રધાનમંત્રી અને અર્થતંત્ર અને નાણામંત્રી જમશીદ કુચકરો સાથે મુલાકાત કરી. એક સોશિયલ મીડિયા સંદેશમાં, સીતારમણે જણાવ્યું હતું કે બંને પક્ષોએ દ્વિપક્ષીય આર્થિક અને નાણાકીય સહયોગને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી હતી. બંને નેતાઓએ પરસ્પર હિતના વિવિધ ક્ષેત્રો પર વિચારોની આપલે કરી હતી.

# JAISHANKAR - SAUDI FOREIGN MINISTER

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ દરમિયાન સાઉદી વિદેશ મંત્રી પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સઉદ સાથે મુલાકાત કરી. બંને નેતાઓએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અને ભારત-સાઉદી અરેબિયા સહયોગને વધુ મજબૂત બનાવવાના મુદાઓ પર ચર્ચા કરી.

# AMIT SHAH - SEVA ABHIYAN

ગૃહમંત્રી અમિત શાહે આજે જાહેરાત કરી હતી કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો, NDA સાથી પક્ષો અને અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર સુધી દેશભરમાં "સેવા સંકલ્પ અભિયાન" શરૂ કરશે.

મુંબઈમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી શાહે કહ્યું કે આ અભિયાનનો ઉદ્દેશ્ય જનભાગીદારી દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવાનો છે. તેમણે કહ્યું કે 17 સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે અને આ વર્ષે ઓક્ટોબરમાં તેઓ મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકે જાહેર જીવનના 25 વર્ષ પૂર્ણ કરશે.

શ્રી શાહે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળની NDA સરકારના કાર્યકાળ દરમિયાન હાથ ધરવામાં આવેલા વિવિધ માળખાગત, સામાજિક અને સાંસ્કૃતિક કાર્યોનો પણ ઉલ્લેખ કર્યો.

# INDONESIA - BOAT ACCIDENT

ઇન્ડોનેશિયામાં ખરાબ હવામાનને કારણે જાવા સમુદ્રમાં 240 થી વધુ મુસાફરોને લઈ જતી એક ફેરી બોટ પલટી ગઈ. આ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે, અંદાજે 130 મુસાફરો અને ક્રૂ સભ્યો હજુ પણ ગુમ છે.

ઇન્ડોનેશિયન બચાવ ટીમોએ અત્યાર સુધીમાં 107 લોકોને બચાવ્યા છે. ફેરી બોટ પૂર્વ જાવાથી દક્ષિણ કાલીમંતન જઈ રહી હતી અને સુરાબાયાથી બોર્નિયો ટાપુ પર બંજરમાસિન માટે રવાના થઈ હતી. ફેરી બોટના છેલ્લા જાણીતા સ્થાનની આસપાસ શોધ અને બચાવ કામગીરી ચાલુ છે.

# HOCKEY

હોકીમાં, ભારતની પુરુષ અને મહિલા ટીમોએ આજે ચીનના મોકી ખાતે જુનિયર એશિયા કપ ટાઇટલ જીત્યા છે. ભારતીય પુરુષ ટીમે ફાઇનલમાં દક્ષિણ કોરિયાને ચાર-એકથી હરાવીને ટાઇટલ જીત્યું હતું. આ વિજય સાથે, ભારત ટુર્નામેન્ટના ઇતિહાસમાં સતત ચાર વખત પુરુષોનો ટાઇટલ જીતનાર પ્રથમ ટીમ બની.

ભારતીય મહિલા ટીમે પણ વિજય મેળવ્યો, ફાઇનલમાં યજમાન ચીનને એક-શૂન્યથી હરાવ્યું. આ વિજયથી ભારતીય મહિલા ટીમ માટે જુનિયર એશિયા કપ ટાઇટલની હેટ્રિક પૂર્ણ થઈ.

ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમોએ પોતપોતાના એશિયા કપ ટાઇટલ જીતીને જુનિયર હોકી વર્લ્ડ કપ માટે પણ ક્વોલિફાય કર્યું છે.

# CRICKET - IND-AFG T20I

પુરુષોની ક્રિકેટમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આજે ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીની પહેલી મેચમાં દિલ્હીમાં રમાઈ રહી છે. ભારતે ટોસ જીતીને પ્રથમ બોલિંગ પસંદ કરી છે.

છેલ્લા અહેવાલ અનુસાર અફઘાનિસ્તાનના 03 ઓવરમાં 01 વિકેટે 33 રન થયા છે.

દરમિયાન, T20 મહિલા ક્રિકેટ એશિયા કપની ફાઇનલમાં, આજે ભારત અને શ્રીલંકા વચ્ચે દુબઈમાં મુકાબલો રમાશે. ભારતે ટોસ જીતીને બેટિંગ પસંદ કરી.

# WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાતમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. મધ્ય મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ, તેલંગાણા, વિદર્ભ અને મધ્યપ્રદેશ માટે પણ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દક્ષિણ ગુજરાતમાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે ભરૂચ, સુરત, નવસારી, દમણ, વલસાડ, દાદરા નગર હવેલીમાં રેડ એલર્ટ અપાયું છે. ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ફરી એકવાર રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે આજે અમદાવાદમાં પણ ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વડાએ જણાવ્યું.